# દત્તક વિધાનનો દસ્તાવેજ

દત્તક આપનાર :- ૧. નામ :
સરનામુ:
૨. નામ :
સરનામુ:

દત્તક લેનાર :- :- ૧. નામ :
સરનામુ:
૨. નામ :
સરનામુ:

અમો દત્તક આપનાર તેમજ દત્તક લેનાર આ દત્તક વિધાનથી જાહેર કરીએ છીએ કે,

1. અમો દત્તક આપનાર અને તમો દત્તક લેનાર સંબંધિત છીએ / નથી .
2. તમો દત્તક લેનારાઓના લગ્ન તા...........................ના રોજ થયેલ હતાં પરંતુ હાલની તારીખ સુધી દત્તક લેનારાઓને કોઇ સંતાન અવતરેલ નથી.

3. અમો દત્તક આપનારાઓના લગ્ન...................ના રોજ થયેલ હતા.અમો દત્તક આપનારાઓને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે.જેમાં સૌથી મોટો પુત્ર / પુત્રી ......... જેની જન્મ તારીખ...................., તેના પછી નાનો / નાની પુત્ર / પુત્રી .........જેની જન્મ તારીખ ..................છે. (તમામ સંતાન ના નામ અને જન્મ તારીખ લખવી)

4. સદરહું અમો દત્તક આપનારાઓની/ના નાની/નાના પુત્રી / પુત્ર ...............નો જન્મ ............ખાતે તા:........ ના રોજ થયો છે. તમો દત્તક લેનારાઓને સંતાનસુખ પ્રાપ્ત થયેલ નહોઇ એક લાગણીનાં સબંધોને કારણે અમો દત્તક આપનારાઓ અમારી/અમારા પુત્રી/પુત્ર ..... ઉંમર ..........ને તમો દત્તક લેનારાઓને સોંપવાનું નક્કી કરેલ છે.આ દત્તક વિધાનના દસ્તાવેજથી અમો દત્તક આપનારાઓ પુત્રી.......... ને તમો દત્તક લેનારાઓને સોંપીએ છીએ.

5. આજ તારીખ પછી સદરહું પુત્રી/પુત્ર ...... ના દત્તક માતા-પિતા તમો તેના ઉછેર, ભણતર, લગ્નની તમામ જવાબદારી તમો દત્તક લેનારાઓની જ રહેશે.

6. દત્તક લેનારાઓ એ પુત્રી / પુત્ર ......... ની પોતાના સંતાન ની જેમ જ કાળજી લેવાની રહેશે. આજ તારીખ પછી સદરહુ પુત્રી ......... ના માતા-પિતા તમો દત્તક લેનારાઓ જ છો અને રહેશો.

7. સદર દત્તક વિધાન ઇન્ડીયન દત્તક વિધાન એક્ટ ૧૯૫૬ અનુસાર લખી આપી જાહેર કરીએ છીએ.

8. આ દત્તક વિધાનથી સદરહુ પુત્રી/પુત્ર ....... નાં સ્કુલના રેકર્ડમાં તેમજ ગેઝેટના રેકર્ડમાં તેમજ સરકારી-અર્ધસરકારી કચેરીઓમાં તેમજ લાગુ પડતી તમામ કચેરીઓમાં તમો દત્તક લેનાર તમારૂ નામ સદરહુ પુત્રી/પુત્ર ...... નાં નામની પાછળ આ દત્તક વિધાનના આધારે લખાવી શકો છો. તેમાં અમો દત્તક આપનારાઓને કોઇ વાંધો, તકરાર છે નહી કે રહેશે નહી.

9. આજ તારીખ પછી સદરહુ પુત્રી ........ તમો દત્તક લેનારની કાયદેસરની વારસદાર ગણાશે.

10. આ દત્તક વિધાન બાદ દત્તક આપનારાઓનો સદરહુ પુત્રી/પુત્ર ..........પર કોઇપણ જાતનો હક્ક-અધિકાર કે હિસ્સો રહેશે નહિ.

11. આ દત્તક વિધાનથી તમો દત્તક લેનારાઓને અમારી સદરહુ પુત્રી/પુત્ર ..... ને તમારા કાયદેસરના તેમજ તમારા કુદરતી વારસોને જે અને જેટલા હક્કો અને અધિકારો પ્રાપ્ત થતા હશે તે તમામે તે મેળવી શકશે.

12. તમો દત્તક લેનાતાઓએ અમો દત્તક આપનારાઓ પાસેથી દત્તક તરીકે ....... ને પુત્રી તરીકે ગ્રહણ કરેલ હોવાથી સદરહુ પુત્રીની તમામ જવાબદારીઓ તમારા શીરે છે અને જેટલા હક્ક અધિકાર મળેલ તે તમામે તમામ હક્ક અધિકારો તમો દત્તક લેનારાઓ પાસેથી મેળવશે.

13. તમો દત્તક લેનારાઓએ ...... ને પુત્રી તરીકે ગ્રહણ કરેલ છે અને આજદિનથીતમો દત્તક લેનારાઓએ કે તમારી દત્તક પુત્રીને દત્તક આપનારાઓ પાસેથી કોઇ જ જાતનો હક્ક-અધિકાર કે અવેજ લેવાનો રહેતો નથી કે દત્તક આપનારાઓએ ચુકવવાનો રહેતો નથી.

તમો દત્તક લેનારાઓએ તથા અમો દત્તક આપનારાઓએ આ દત્તક વિધાન કોઇપણ જાતના દાબ-દબાણ વગર, સ્વસ્થ મનથી, પોતાની રાજીખુશીથી તેમજ સ્વચ્છાએ કરેલ છે. આ દત્તક  વિધાન અમોને તેમજ અમારા વંશ, વાલી, વારસો તેમજ ઇત્યાદીને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આ દત્તક વિધાનનો દસ્તાજેવ આજ તા......... માહે-...... સને-....... ના રોજ શહેર ...........મધ્યે કરવામાં આવેલ છે.

અત્રે............................................ મતુ અત્રે....................................શાખ

<u>દત્તક આપનારાઓ</u> <u>સાક્ષી</u>

..............................................

.............................................

<u>દત્તક લેનારાઓ</u> <u>સાક્ષી</u>

..............................................

.................................................

# <u>રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ ૩૨(અ) મુજબનું પરિશિષ્ટ</u>

**<u>દત્તક આપનાર</u>**

ફોટો

નામ.......................... ડાબા હાથના અંગુઠાનું નીશાન

ફોટો

નામ.......................... ડાબા હાથના અંગુઠાનું નીશાન

**<u>દત્તક લેનારા</u>**

ફોટો

નામ.......................... ડાબા હાથના અંગુઠાનું નીશાન

ફોટો

નામ.......................... ડાબા હાથના અંગુઠાનું નીશાન